# સૌથી મહાન જીવન

ઈસુનુ જીવન, મરણ અને પુનરૂત્થાન

બાળકોને શીખવનારે અભ્યાસ  વાંચી જવો.

**૧. સૌથી મહાન જીવન વિષે શિખવવા માટે પ્રાર્થના અને વચન દ્વારા તૈયાર થાવ.**

પ્રભુ ઈસુ વિષેના સુસમાચાર સભાજનોને એવીરીતે કહો કે તેઓ બીજાને તે સંભળાવી શકે.

પ્રભુ ઈસુના જગતમાં આવ્યા અગાઉ જૂના કરારના પ્રબોધકોએ લગભગ ૩૦૦ આગાહીઓ યહુદીઓ જેને મસીહ કે ખ્રિસ્ત કહે છે તેના વિષે કરી હતી.

નીચે જણાવેલા સાત પ્રબોધકોએ પ્રતિજ્ઞાનો મસીહ(ખ્રિસ્ત) કે જે જગતમાં આવનાર હતો તેના વિષે શું કહ્યું તેનો અભ્યાસ કરો.

અ) ઈબ્રાહીમ(ઉત્ત.૨૨:૧૮)

બ) મુસા(પુન.૧૮:૧૮-૧૯)

ક) યશાયાહ(યશા.૫૩:૭-૮)

ડ) દાઉદ(ગી.શા.૨:૭)

ઈ)દાઉદ (ગી.શા.૧૬:૮-૧૧)

ઉ) નાથાન (૨ શમૂ.૭:૧૬)

ઈ)યોહાન બાપ્તિસ્મા કરનાર (લુ.૩:૧૫-૧૭)

જ્યારે મસીહ આ જગતમાં આવ્યા ત્યારે ઘણા નજરે જોનાર સાક્ષીઓએ તેમણે જે કર્યું તે જોયું અને સાંભળ્યું અને તેમાંના કેટલાકે તે બાબતો પુસ્તકમાં લખી જેને નવો કરાર કહે છે. ઈસુના પ્રેરિતોએ તેના વિષે સાત બાબતો કહી જે ખૂબ જ અગત્યની ગણવામાં આવે છે.

અ) જ્યારે પ્રભુ ઈસુ આ પૃથ્વી પર હતા ત્યારે તેમણે લોકો માટે જે કર્યું તે દ્વારા તેમણે બતાવી આપ્યું કે તેઓ કોણ છે. નીચેના શાસ્ત્રપાઠોમાં ઈસુએ શું કર્યું તે શોધો :

- આંધળા લોકો માટે (માત.૯:૨૭-૩૧)
- ભૂત વળગેલા માણસ માટે (માત.૯:૩૨-૩૩)
- જે બાળક મરણ પામ્યું (લુક૮:૪૯-૫૫)

બ) ઈસુએ લોકોને દેવની પવિત્રતા વિષે, કેવી રીતે વિશ્વાસ કરવો અને પવિત્ર તથા આનંદી જીવન કેવી રીતે જીવવું તે શીખવ્યું. તેમણે સામાન્ય ઘટનાઓની વાર્તાઓ જેવી કે બી વાવનારનું દ્રષ્ટાંત દ્વારા શિક્ષણ આપ્યું. નીચેના શાસ્ત્રપાઠોમાંથી શોધો :



- જેમને દેવ આશિષ આપશે તેવા પ્રકારના લોકો (માત.૫:૧-૧૬)
- ઈસુના અનુયાયીઓ કેવીરીતે જીવન જીવશે (યો.૧૪:૧-૧૭)
- જગતનું ભવિષ્ય કેવું છે . (માત.૨૧-૩૧)

(ક) જ્યારે પ્રભુ ઈસુને તેમના દુશ્મનોએ લાકડાના વધસ્તંભ પર ખીલાઓ વડે જડ્યા ત્યારે તેઓ મરણ પામ્યા. આ શાસ્ત્રભાગોમાં શોધો :

- પ્રભુ ઈસુને મારી નાખવાની કોની ઈચ્છા હતી ? (લુક.૨૩:૧૨-૨૧)

- પ્રભુ ઈસુને કેવી રીતે મારી નાખવામાં આવ્યાં (લુક ૨૩:૩૨-૩૪)
- પ્રભુ ઈસુ કેવી રીતે મરણ પામ્યા ?(લુક ૨૩:૪૪-૪૩)

ડ) ત્રણ દિવસ પછી દેવે તેને મરણમાંથી ઉઠાડ્યો.

- મરણ પામ્યા અગાઉ ઈસુના કહ્યાં પ્રમાણે (માર્ક.૯:૩૧-૩૨)
- આકાશમા દૂતોની સાક્ષી પ્રમાણે (માત.૨૮:૧-૧૦)
- પાછા ઉઠ્યા પછી ઈસુએ સમજાવ્યું તે પ્રમાણે (પ્રક.૧:૧૭-૧૮)

ઈ) પાછા ઉઠ્યા પછી ઈસુ જેઓ તેને ઓળખતા હતા તેઓને દેખાયો અને તેના સાક્ષીઓ બન્યા. જુઓ-

- ઈસુએ કેવી રીતે સાબિત કર્યું કે તે જીવતો છે (લુ.૨૪:૩૬-૪૩)
- ઈસુએ કઈ વાતો કહી (પ્રે.૧:૧-૧૩) (વાતો કરી અસ્પષ્ટ છે)
- કોને તે દેખાયો (૧ કો.૧૫:૩-૮)

ફ) જેઓ તેની તરફ ફરે છે તેમને ઈસુએ માફીનું વચન આપ્યું છે. સજીવન થયેલા ખ્રિસ્તે શું કહ્યું છે તે આ શાસ્ત્રપાઠમાં જૂઓ-

- માફી વિષે-(લુ.૨૪:૪૪-૪૮)
- દેવના પવિત્રઆત્માવિષે (પ્રે.૧:૪-૮)
- ઈસુના શિષ્ય કઈ રીતે થવું તે વિષે (માત.૨૮:૧૬-૨૦)

જી) પ્રભુ ઈસુને દેવે સ્વર્ગમાં લઈ લીધા તે પાછા આવે ત્યાં સુધી (આ શાસ્ત્રપાઠમાં શોધો)

- દૂતોએ ઈસુના શિષ્યોને શું કહ્યું ? (પ્રે.૧:૯-૧૧)
- ઈસુએ તેના દુશ્મનોને શું કહ્યું ? (માર્ક૧૪:૬૦-૬૨)
- જેઓ બીજાની સેવા કરે છે તેમને ઈસુ શું કહેશે ? (માત.૨૫:૩૧-૩૪)

**૨. આગામી અઠવાડિયાની સેવાઓ વિષે સાથીદારો સાથે આયોજન**

- જો તમારી સંસ્કૃતિમાં કલા પ્રત્યે આદર છે તો એક આર્ટીસ્ટને બોલાવીને ઈસુના જીવનની સાત બાબતોનું ચિત્ર બનાવડાવો અથવા તમે દોરો. ઈસુના જીવનની મુખ્ય બાબતો મોઢે બોલવાનો (વાંચ્યા વગર) પ્રયાસકરો. પછી લોકોના ઘેર જઈને તેમને તે કહો. તમે કહેતા હો તે દરમ્યાન તૈયાર કરેલ ચિત્રો બતાવો.
- તમારા પ્રદેશની સંસ્કૃતિને સુસંગત એક તાલિમ સેમીનારનું આયોજન કરો. તેમાં વિશ્વાસીઓને તેઓ ચિત્રો, ગીતો, કાવ્યો વિ. નો ઉપયોગ કરીને ઈસુની વાર્તા કઈ રીતે લોકોને કહી શકે તે શીખવો.

**૩. આગામી ભજનસેવા માટે સાથીદારો સાથે આયોજન**

સમયની જરૂરિયાત અને ચાલતી રસમને સુસંગત પ્રવૃત્તિઓ પસંદ કરો.

ભાગ-૧ માં શીખેલા ઈસુના જીવનના પ્રસંગોમાંથી એક અથવા વધુ નું નિદર્શન કરો.

ભાગ-૧માંથી ઈસુના જીવનની સાત અગત્યની બાબતો કહો અને તે સંબંધીના પ્રશ્નો પૂછો. લોકોને તેઓ જાણતા હોય તેવા જવાબ આપવા દો. તેમને ન આવડતી હોય તેવી વધારાની માહિતિ જ તમે આપો.

- પ્રબોધકોએ ઈસુ વિષે કઈ ભવિષ્યવાણીઓ કરી.
- ઈસુએ લોકો માટે શું કર્યું.

- ઈસુ કઈ રીતે મરણ પામ્યો અને પાછો ઉઠ્યો.
- મરણમાંથી સજીવન થઈને ઈસુ કોને દેખાયો.
- જેઓ પસ્તાવો કરે છે અને  તેની પાછળ ચાલે છે તેવા વિશ્વાસીઓ માટે સજીવન થયેલા ઈસુની પ્રતિજ્ઞાઓ કઈ છે.
- ઈસુએ છેલ્લે આ જગતનો ત્યાગ કઈ રીતે કર્યો.

બાળકોએ જે નાટક, પ્રશ્નો, ગીતો તૈયાર કર્યા હોય તે તેમને રજુ કરવા દો.

**પ્રભુની મેજ**ની સેવા માટે હેબ્રી ૭ : ૭-૧૨ વાંચો. સમજાવો કે જૂના કરારના પ્રમુખ યાજકો પશુના રક્ત સાથે પરમપવિત્રસ્થાનમાં પ્રવેશતા હતા તેમ નહિ પણ પોતાનું જ રક્ત લઈને પ્રભુ ઈસુ સ્વર્ગમાં પોતાના પિતાની હજુરમાં પ્રવેશ પામ્યા છે. ભાગ-૧માં તમે અભ્યાસ કરેલી થોડી કલમો જેમાં વધસ્તંભનું તેનું મરણ અને તેનું પુનરાગમન થશે તે પણ વાંચો.

હેબ્રી ૧:૧-૨ **મોઢે કરો.**

લોકો નાના જૂથોમાં પ્રાર્થના કરે અને ઈસુની સુવાર્તા કુટુંબના સભ્યો, મિત્રો અને વિધર્મીઓ સુધી પાસે અને દૂર લઈ જવા માટે સહાય માંગે.

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net